વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

રક્ષાબેન હરિતકુમાર દવે
(૧૯૪૪) ફોન. ૨૩૨૨૭૨૮૫

રામમંત્ર લેખનની બુક નિઃશુલ્ક મળશે

ગાંધીનગર, તા. ૭

મોરારિબાપુની પ્રેરક પ્રેરણાથી રામ મંત્ર લેખનનું અભિયાન હાલ કાર્યરત છે. તેના ભાગરૂપે ડ્રીમ લેન્ડ પરિવાર તરફથી વિનામૂલ્યે મંત્રીલેખનની બુક અને લાલ બોલપેન આપવામાં આવશે.

જે રામ ભક્તો રામમંત્ર લેખન કરવા ઈચ્છતા હોય તેઓએ સવારે ૧૦.૩૦ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન ૩૦૨, શાલીન કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતેથી વિનામુલ્યે મંત્રલેખન બુક અને લાલ બોલપેન મેળવી લેવી. નિયત સમયમાં મંત્રલેખન કરી તે પરત મોકલી આપવી એમ આયોજકોએ જણાવ્યું છે.

આજે શાહીબાગ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના જાણીતા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે તા. ૮મી મે-૨૦૧૨ને મંગળવારે સવારે ૮.૩૦ કલાકે શંકરસિંહ ગજજરના નિવાસ સ્થાને કલાલ ખાના, હાજીપુરા ગાર્ડન પાસે, દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે. સુંદરકાંડના સંગીતમય પાઠના ભક્તિમય કાર્યક્રમમાં સૌ ભક્તગણોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના મૂળજીભાઈ પૂંજાભાઈ પરમારના ધર્મપત્ની રેવાબેન મૂળજીભાઈ પરમારનો તા. ૬ઠ્ઠી મે-૨૦૧૨ને રવિવારના રોજ સ્વર્ગવાસ થયો છે. સ્વર્ગસ્થનું બેસણું આજે તા. ૮મી મે-૨૦૧૨ને મંગળવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન બ્લોક નં. ૪૦/૧, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

સક્ષમ આપત્તિ વ્યવસ્થાપન માટે આગોતરું આયોજન આવશ્યક : એ. કે. જોતિ

ગાંધીનગર, તા. ૭

આગામી ચોમાસા દરમિયાન સંભવિત આપત્તિના સામના સંદર્ભે રાજ્યના જુદા જુદા વિભાગોએ કરેલાં આગોતરા આયોજનની અને તે અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ કરવા મુખ્ય સચિવ શ્રી એ. કે. જોતિના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે એક મીટીંગ યોજાઈ હતી. શ્રી જોતિએ જણાવ્યું હતું કે, સંભવિત આપત્તિના સામના માટે સક્રિય આપત્તિ વ્યવસ્થાપન અને તે માટેનું આગોતરું આયોજન મહત્ત્વનું છે.

આ બેઠકની શરૂઆતમાં ઉપસ્થિત જુદા જુદા વિભાગના ઉચ્ચ અધિકારીઓને આવકારતા મુખ્ય સચિવશ્રીએ જણાવ્યું હતું કે, ભૂતકાળના અનુભવો અને પ્રવર્તમાન આવશ્યકતાને ધ્યાને લઈ આપત્તિ વ્યવસ્થાપન માટે આગોતરો પ્લાન ઘડવામાં આવે તો આપત્તિથી થતા નુકશાનને શક્ય તેટલું નિવારી શકાય છે.

આ મીટીંગમાં હવામાન શાસ્ત્ર વિભાગના નિયામકશ્રી મનોરમા માર્હતીએ દેશના દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની સ્થિતિ અને ચોમાસા દરમિયાન વરસાદની સંભાવના અંગે દૃશ્ય-શ્રાવ્ય પ્રેઝન્ટેશન રજૂ કરી જણાવ્યું હતું કે, આ વર્ષે ગુજરાતમાં ૯૯ ટકા જેટલો વરસાદ વરસવાની સંભાવના છે. ભારતીય હવામાન શાસ્ત્ર વિભાગની આ આગાહી વિવિધ પરીમાણોને ધ્યાને લઈ કરવામાં આવી હોવાનું જણાવી તેમણે જુદા જુદા વિશ્લેષ્ણો અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

રાજ્યમાં ચોમાસા દરમિયાન સંભવિત આપત્તિના સામના માટે રાજ્યનું આપત્તિ વ્યવસ્થાપન તંત્ર પૂરતા સાધન-સુવિધાથી સજ્જ છે તેમ જણાવી ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના ચીફ એકઝીકયુટીવ ઓફિસરશ્રી ડૉ. આર. બેનરજીએ દૃશ્ય-શ્રાવ્ય પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જેમાં સંભવિત વાવાઝોડા અને પૂર આપત્તિના સામના માટે રાજ્યમાં સક્ષમ આપત્તિ વ્યવસ્થાપન અને માળખાકીય સુવિધાની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે આપત્તિ અગાઉની પૂર્વતૈયારી આપત્તિ સમયની કામગીરી અને આપત્તિ બાદની રાહત-બચાવની કામગીરી અંગે વિસ્તૃત માહિતી રજૂ કરી હતી. ડૉ. બેનરજીએ જણાવ્યું કે, રાજ્યના લગભગ તમામ જિલ્લામાં ઈમરજન્સી ઓપરેશન સેન્ટર કાર્યરત છે. સંભવિત આપત્તિ સંદર્ભે રાહત-બચાવની કામગીરી માટે જરૂરી માળખાકીય સુવિધાથી માંડીને કર્મયોગીઓને તાલીમ સહિત આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રાહત કમિશનરશ્રી પૂનમચંદ પરમારે ગુજરાતમાં વરસાદની સ્થિતિ અંગે વિસ્તૃત સમજ આપી જણાવ્યું હતું કે, રાજ્યનો સરેરાશ વરસાદ અંદાજે ૮૦૦ મી.મી. જેટલો છે પરંતુ છેલ્લા દસ વર્ષમાં વરસાદની પેટર્ન બદલાઇ છે. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૮૧થી ૨૦૦૦ સુધીના વીસ વર્ષમાં સરેરાશ વરસાદ ૭૪૩ મી.મી. હતો જ્યારે એકવીસમી સદીના પ્રથમ દસકામાં સરેરાશ વરસાદ ૯૧૪ મી.મી. નોંધાયો છે. એટલે કે સરેરાશ વરસાદમાં દસકા દરમિયાન ૨૩ ટકાનો વધારો થયો છે. તેમણે જણાવ્યું હતું કે, લોક જાગૃતિ અને લોકશિક્ષણને કારણે આપત્તિ સમયે થતાં નુકશાનને ઘટાડી શકાયું છે.

સમગ્ર દેશમાં ઊંટોની વસતીની દ્રષ્ટિએ ગુજરાત ત્રીજા ક્રમે

ગુજરાતના ઉત્તમ ઓલાદના પશુઓ દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. કાઠિયાવાડી અશ્વ, કચ્છી ઉંટ, સુરતી બકરાં, ગીર ગાય, જાફરાબાદી તથા બન્ની ભેંસ જેવી ઉત્તમ પશુ ઓલાદના ઉત્પાદન અને ઉત્પાદકતામાં ઉત્તરોત્તર વધારો કરવા રાજ્ય સરકારે આધુનિક ઢબે વૈજ્ઞાનિક પધ્ધતિના ઉપયોગથી લાંબાગાળાનું આયોજન કર્યું છે. રાજ્યમાં પશુપાલન પ્રવૃત્તિઓ જેમાં ખાસ કરીને દૂધ ઉત્પાદકતાને વિશેષ વેગ મળે તે માટે અનેકવિધ નવી બાબતો અંદાજપત્રમાં રજૂ કરવામાં આવી છે. પરંપરાગત રીતે પશુઓના ઉછેર સાથે સંકળાયેલા પશુપાલકો અને તજજ્ઞોનો સમન્વય સાધીને રાજ્ય સરકારે પાયારૂપ કામગીરી કરી છે.

આપણા રાજ્યની ઉત્તમ પશુ ઓલાદોમાં કચ્છી ઉંટ અગ્રસ્થાને છે. રાજ્યમાં ૩૮,૨૩૩ની સંખ્યા સાથે ઉંટની વસતિમાં સમગ્ર દેશમાં રાજસ્થાન અને હરિયાણા પછી ગુજરાત ત્રીજું સ્થાન ધરાવે છે. વળી ઉંટની કચ્છી ઓલાદની માતૃભૂમિ ગુજરાત રાજ્યનો કચ્છ જિલ્લો છે. આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉંટના દૂધ પર સંશોધનો હાથ ધરવામાં આવ્યા. ઉંટડીના દૂધમાં માત્ર ૨.૫ ટકા ફેટ રહ્યો છે. જે લોહીમાં રહેલાં કોલેસ્ટેરોલને ઘટાડવા તેમજ કાબૂમાં રાખવા ઉપયોગી છે. ઉપરાંત ટડીના દૂધમાં વિપુલ માત્રામાં વિટામીન સી જોવા મળે છે. ગાયના દૂધની સરખામણીએ ટડીના દૂધમાં સોડિયમ, કેલ્શિયમ, ફોસ્ફરસ, ઝિંક અને મેગ્નેશિયમ જેવા તત્વો વધારે છે જે આપણી રોજ-બરોજની ચયાપચાયની ક્રિયાઓ માટે અનિવાર્ય છે. ટડીના દૂધમાં રહેલ ઈન્સ્યુલિન ડાયાબિટીશ ટાઈપ-૧ને નિયંત્રિત કરે છે. આ દૂધનો દૈનિક ઉપયોગ ડાયાબિટીસને દૂર રાખે છે. વળી ક્ષયના રોગમાં ટડીનું દૂધ ખૂબજ ફાયદાકારક છે. સામાન્ય રૂમના તાપમાનને દસ કલાક સુધી ટડીનું દૂધ ખરાબ થતું નથી.

રાજ્ય સરકારે મૂળભૂત ગુણો ધરાવતી પશુઓની ઓલાદો કે જેની વસ્તી ઓછી થઈ રહી છે તેવા પશુ ઓલાદોની જાળવણી માટે આયોજનબધ્ધ પગલાં લીધા છે. ૮ પાલકોને ટપાલનના વ્યવસાયમાં ઉત્સાહ જાળવી રાખવાના હેતુસર અને અગાઉ જોયુ તેમ ટડીના દૂધની ઉપયોગીતાને ધ્યાને લઈને આણંદ એગ્રી કલ્ચર યુનિવર્સિટી દ્વારા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. ઉપરાંત સ્થાનિક દૂધ ઉત્પાદન સંઘની સહાયથી પેસ્ચુરાઈઝ્ડ કેમલ મિલ્ક અને કેમલ મિલ્ક આઈસ્ક્રીમ, કેમલ મીલ્ક ચોકલેટ, ખીર(કેમલ મીલ્ક) જેવી બનાવટો તૈયાર કરીને વ્યવસ્થિત બજાર વ્યવસ્થા ભી કરવાના પ્રયાસો કચ્છ ૮ ઉછેરક માલધારી સંગઠન અને પશુપાલન ખાતાના ઉપક્રમે કરવામાં આવે છે. ડાયાબિટીસ, હાયપરટેન્શન અને ક્ષય જેવા રોગોની બિમારીમાં આશીર્વાદરૂપ પરિવહનમાં ઉપયોગી એવા ટની ઓલાદની જાળવણી, ઉંટ પાલકોની નિયમિત આવક સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર આયોજનબધ્ધ રીતે પગલાં લઈ રહી છે.

બહેનો માટે પ્રાયોગિક કુદરતી ઉપચાર શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૭

વૈદિક મહાસભા, ગાંધીનગર દ્વારા ફક્ત બહેનો માટે નિઃશુલ્ક પ્રાયોગિક કુદરતી ઉપચાર શિબિર તા. ૮મી મે થી ૧૦મી મે ૨૦૧૨ દરમિયાને સાંજે ૪ થી ૬ કલાકે પ્લોટ નં. ૩૪૨/૨, 'આર્યકુંજ,' આર્યકુંજ સોસાયટી, સેક્ટર-૪-બી, ગાંધીનગર ખાતે યોજાશે.

પ્રાયોગિક કુદરતી ઉપચાર શિબિરમાં કમરનો દુઃખાવો, સાંધાનો દુઃખાવો, ટેન્શન, માથાનો દુઃખાવો વગેરે રોગોથી ચિકિત્સા એક્યુપ્રેશર તથા જલ ચિકિત્સા પદ્ધતિથી કરવામાં આવશે. આ અંગેની વધુ વિગતો પ્રશિક્ષિકા વર્ષાબેન દવેના મો. નં. ૯૪૨૭૦૭૦૨૫૫ પર સંપર્ક કરવાથી મળી શકશે. એમ જિલ્લા પ્રભારી મહેન્દ્ર ગાંધીએ જણાવ્યું છે.

બમણો ભાવ ચૂકવવો પડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક સીલીન્ડરના રૂ. ૮૮૦ ચુકવવા પડશે.

પેટ્રોલીયમ મંત્રાલયના ટોચના સુત્રોએ જણાવ્યું છે કે નાણામંત્રી પ્રવણ મુખર્જીના વડપણ હેઠળ પ્રધાનોના જુથે સાધન સંપન્ન પરિવારોને સબસીડી વાળા સીલીન્ડર મર્યાદિત સંખ્યામાં આપવા અથવા તો તેઓને સબસીડી વાળા સીલીન્ડરો નહિ આપવા અંગે એક દરખાસ્ત તૈયાર કરી છે. સરકારે જે રણનીતિ ઘડી છે તે અંતર્ગત તમામ સાંસદો, ધારાસભ્યો અને ગેઝેટેડ ઓફીસરોને સબસીડીવાળા સીલીન્ડરો આપવાનું બંધ કરવું. તે પછી જે પરિવારોની માસિક આવક રૂ. ૫૦,૦૦૦ કે તેથી વધુ હોય તો તે પરિવારને સબસીડીવાળો બાટલો મળવાપાત્ર રહેશે નહી.

એવી પણ દરખાસ્ત થઈ છે કે સંપન્ન લોકો સબસીડીવાળો ગેસ ખરીદી શકે છે અને માર્કેટ પ્રાઈસનો તફાવત ચેક થતી સીધો તેલ કંપનીઓને ચુકવી દે. બીજો વિચાર એ છે કે આ વર્ગના લોકોએ ૧૯ કિલોનો બ્લુ રંગનો બાટલો ખરીદે. જેનો ભાવ રૂ. ૧૨૦૦ છે. જે લોકોને સબસીડીની જરૂર નથી તેઓને રાહતભાવનો ગેસ આપવાની જરૂર જ નથી. વધુમાં જ્યાં જ્યાં પાઈપલાઈન થકી ગેસ આપવાની સુવિધા છે ત્યાં તેનું કનેક્શન લેનારે ફરજીયાતપણે પોતાનો રાંધણ ગેસનો બાટલો જમા કરાવવો પડશે. જો એ લોકો રાંધણગેસનો બાટલો પરત નહિ કરે તો તેઓને ગેસ પુરવઠો બંધ કરી દેવાશે. અત્રે નોંધનીય છે કે દેશની અડધો અડધ વસ્તી સબસીડીયુક્ત બાટલો ખરીદે છે. ૧૨૫ મીલીયન લોકો પાસે કનેક્શન છે. સરકારે ૨૦૧૦-૧૧માં રૂ. ૨૪૦૦૦ કરોડની એલપીજી સબસીડી આપી છે તે હવે વધીને રૂ. ૩૦,૦૦૦ કરોડ થશે. વર્ષમાં સરેરાશ એક પરિવાર ૮ બાટલા વાપરતો હોય છે.

ઉનાળો જામે છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરફર્યુ જેવી હાલત થઈ છે. ગરમ લૂના સપાટાથી વડીલો ને બાળકો આકુળ વ્યાકુળ થઈ ગયા છે. ગાંધીનગરના આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યા છે. ઘરમાંથી જેને ના છૂટકે બહાર નીકળવાની ફરજ પડે છે તેઓ મોં પર રૂમાલ, સ્કાર્ફ કે દુપટ્ટો બાંધીને જ બહાર નીકળે છે. દ્વિ-ચક્રી વાહનચાલકોની હાલત તો આકરી ગરમીમાં ખરાબ થઈ જાય છે. ઠંડા પીણાં અને બરફની માંગમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. સૂર્યાસ્ત બાદ પણ શહેરમાં બફારા સાથે ગરમી ચાલુ રહેતા સાંજે અને રાત્રે સોડા સેન્ટરો અને આઈસક્રીમ પાર્લરો પર ભારે ધસારો રહે છે. વિધાનસભાની સામેના બગીચાથી લઈને છેક મહાત્મા મંદિર સુધીના બે અઢી કિ.મી.ના રસ્તે સાંજ પછી જાણે માનવ મહેરામણ ઉમટી પડે છે. ગરમીથી રાહત મેળવવા માટે વસાહતીઓ મોડી રાત સુધી અહીં જ અડીંગો જમાવીને બેસી જાય છે. આસપાસના વિસ્તારમાં બરફગોળો, આઈસક્રીમ, કેન્ડી, સોડાની લારીઓ ધમધમતી રહે છે. હાલમાં વેકેશન ચાલી રહ્યું હોવાથી ગરમીના કારણે આખો દિવસ ઘરમાં પુરાઈ રહેતા બાળકો રાત્રે બગીચામાં જઈ વિવિધ રમતો રમે છે અને આનંદ મેળવે છે. અંગ દઝાડતી દિવસની ગરમી બાદ રાત્રે પણ તાપમાન બહુ ઘટતું ન હોવાથી રાત્રે પંખાની નીચે સુઈ રહેવું પણ ખુબ અકળાવે છે. ગરમીથી બચવા માટે ઘણા વસાહતીઓએ એ.સી. લગાવ્યા છે.

મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

આશાસ્પદ યુવાન પુત્ર રવિના અકાળ અવસાનેય સ્વસ્થ સહી સમાજ ને રાહ ચીંધનાર ટેકનો ફોર્જિંગનો સૂત્રધાર અમુભાઈ ભાદરિયા માનવતાના રવિને સદા ઝળહળતો રાખશે. તેમનું આ વિચાર બીજ આવતીકાલનું વટવૃક્ષ બનશે. ક્રિયાકાંડમાં ખર્ચ ન કરી, કિડની હૉસ્પિટલને ૧૧ લાખનું અનુદાન એ નાનીસૂની ઘટના નથી. અભિનંદન પાત્ર ઘટના છે. અનુકરણીય બાબત છે. ખાસ કરીને ગામડામાં, નાના શહેરોમાં જયાં હજુ ખોટી માન્યતા, કુરિવાજો, બાહ્ય ક્રિયાંકાડો, દેખાડા છે ત્યાં ખૂબ જ ગરીબ, મધ્યમ, માંડ-માંડ પેટિયું રળતા આપણા જ્ઞાતિબંધુને સહન કરવું પડે છે. તેનું શું?

ભલે આપણે મેડિકલ, શૈક્ષણિક, એન્જિનીયરીંગ, ઈલેકટ્રોનિક કે કૉમ્પ્યુટર ક્ષેત્રે ક્રાંતિ કરીએ. પણ મરણ પ્રસંગ પછી ઢસડાવું કે દુઃખી ન થવું પડે તેવા પ્રયાસ કરવા આપણે સૌ જાગીએ, સૌને જગાડીએ.

બાંયો ચડાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્ય સરકાર સામે ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તે કાર્યક્રમમાં સચિવાલય ફેડરેશન આ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લેવાનું અને જરૂર પડ્યે સંકલન સમિતિ સાથે સંયુક્તપણે આંદોલન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સચિવાલય ફેડરેશનના તમામ મંડળોના હોદ્દેદારો ઉક્ત ધરણામાં જોડાશે.

સંકલન સમિતિ બાદ હવે સચિવાલય કર્મચારી ફેડરેશને પણ સંકલન સમિતિના આંદોલનને ટેકો આપીને પડતર પ્રશ્નોને લઈને રાજ્ય સરકાર સામે બાંયો ચડાવતાં આગામી દિવસોમાં પડતર પ્રશ્નોનો ઉકેલ નહી આવે તો કર્મચારીમંડળો એક થઈને આંદોલન છેડે તેવી શક્યતા સેવાઈ રહી છે.

સમાચાર ઝલક

- ● ભારે ઉકળાટથી ગુજરાત પરેશાન, છતાં લીંબડી-ચોટીલામાં પવન સાથે કરાનો વરસાદ.
- ● ડીસા તાલુકાના આગથળા ગામના ગેનાજી પટેલ દાડમ વાવી રૂા. ૮૦ લાખની વર્ષે આવક મેળવે છે.
- ● ગુજરાત સાહિત્ય સર્જકશ્રી પન્નાલાલ પટેલની આજે જન્મશતાબ્દિ ધામધૂમપૂર્વક ઉજવાઇ.
- ● અમદાવાદની પરિણિતાને દિયોદરના મીઠા ગામે દલાલોએ દોઢ મહીનો ગોંદી રાખી.
- ● આતંકીની ચેતવણીથી સમગ્ર ગુજરાત પોલીસ સતર્ક : અંબાજી, નર્મદા બંધ, સોમનાથ, જામનગર એલર્ટ.
- ● કર્મચારીઓની બઢતીમાં અનામત રદ્દ કરતો સુપ્રીમનો શકવર્તી ચુકાદો.
- ● માઓવાદીઓના પંજામાંથી છૂટ્યા બાદ સુકમાનાં કલેકટર તરીકે મેનનને દૂર કરાયા.
- ● રાજ્યના ન્યાયતંત્રમાં ૧૧૦ ન્યાયમૂર્તિઓની સાગમટે અદલાબદલી.
- ● કિંગફિશર પાઇલોટોને પગાર નહીં ચુકવતા ખફા.
- ● સાંસદ પ્રભાબેન સાથે ગરેવર્તન કરનાર મહિલા કોન્સ્ટેબલોને સામે સસ્પેન્ડ કરાય તેવી શક્યતા.
- ● અનિચ્છિત કોલ કરવા બદલ ૨૮૦૦૦ ફોનનું જોડાણ રદ્દ.
- ● રાજ્યમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૦૦૦ દીકરા સામે ૮૮૬ દીકરીઓ.
- ● સુખી-સંપન્ન પરિવારોએ રાંધણ ગેસનો ભાવ બમણો ચુકવવો પડશે.
- ● અંબાજીમાં ચુંદડીવાળા માતાજીની તબિયત લથડી - ભક્તોમાં ચિંતા.
- ● ઘાસચારાના ચુકાદાઓ આવતાં લાલુપ્રસાદ વિસામણમાં.
- ● શેરબજારમાં અફડાતફડી વાળો દિવસ ખુલ્યો.
- ● દરરોજ સવારે જોગિંગથી આયુષ્યમાં વધારો થાય છે : રસપ્રદ તારણ.
- ● અંકલેશ્વરમાં માટી ધસતાં ત્રણ યુવતીઓ દબાઈ : એકનું મોત.
- ● નર્મદા ડેમ ખાતે હાઈએલર્ટ, કમાન્ડો તૈનાત કરાયા.
- ● સુરતની ગેસ લાઈનમાં ભયંકર આગ : ત્રણ હજાર રસોડા બંધ.
- ● ટીંબીની પ્લાસ્ટીક કંપનીમાં ભીષણ આગ
- ● મઢીમાં છ માસનું દીપડાનું બચ્ચું પાંજરે પુરાયું.
- ● દાહોદના મેથાણમાં ડાકણની શંકામાં દંપત્તીના માથે એક શખ્સે ત્રિકમ ઝીંકી.
- ● વડોદરા રેલવે પ્લેટફોર્મ પર પહોંચેલી સિકંદરાબાદ -રાજકોટ એક્સપ્રેસના લગેજ ડબ્બામાંથી ૧૧૨ વિદેશી પક્ષી ભરેલું પાંજરું મળી આવ્યું.
- ● શેત્રુંજીમાં ભંગાણથી ખેતરોમાં પાણી ઘૂસ્યા : ખેડૂતોને નુકસાન
- ● ચોટીલા હાઈ-વે પર પર્યાવરણ મંત્રીની કારને અકસ્માત.
- ● પોલીસનો સપાટો : સાબરકાંઠામાં ૧૬ લાખના દારૂ સાથે ૬ બુટલેગર ઝબ્બે
- ● કચ્છના રામપર વેકરામાં એટીએમ લૂંટવા આવેલા ત્રણ ભુકાનીધારીનો ચોકીદાર પર હુમલો.

વિચાર યાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

પણ આજકાલની આપણી આ ફાસ્ટ લાઇફમાં આપણી પાસે જો સૌથી મોટી અછત હોય તો સમયની છે... I HAVE NO TIME કહેવું સ્ટેટસમાં ખપે છે.

સવારે ઊઠીને પ્રાત:વિધિ પતાવવી, ચા-નાસ્તો કરી નોકરી ધંધે લાગવું, સાંજે ઘરે આવીને ખૂબ જ કામ કર્યાના ઢ્હેમમાં આપણા થાકેલા શરીરને, જેમ જૂનો ભંગાર કોથળામાં ભરીને માળીએ ચડાવીએ તેમ આપણા શરીરને કફ્ની લેંઘામાં ભરીને સોફા પર પડીને છીએ.

આપણી આ મહત્ત્વપૂર્ણ દિનચર્યામાં જો ઉપર મુજબનો એકાદ પ્રસંગ બનાવીએ તો કદાચ આખા દિવસમાં ક્યારેક કોઇક ક્ષણ જીવી પણ લઇએ...

"અરધી સદીન વાંચનયાત્રા" માં વાંચેલ પ્રસંગ યાદ આવે છે. 'આપવા' નો અર્થ ફક્ત કોઇ વસ્તુ આપવા પૂરતો નથી. મધુર સ્મિત, પ્રેમાળ વાણી - એ પણ એક જાતનું દાન જ છે. રશિયન લેખક તુર્ગનેવની વાર્તામાં એક માણસ, ભીખારીને આપવા માટે પોતાના ખિસ્સામાં કંઇ જ ન હોવાના કારણે એની સાથે હાથ મિલાવે છે - ભિખારી હસીને કહે છે કે આ પણ એક દાન જ છે ને!

-jayuoza@gmail.com

શબ્દાવલી - ૪૭૨૩

૧		૨	■	૩	૪		૫
	■	૬	૭			■	
૮	૯	■	૧૦		■	૧૧	
૧૨		■		■	૧૩		
■	૧૪	૧૫		■	૧૬		■
૧૭	■		■	૧૮			■
૧૯	૨૦		■	■	■	૨૧	
૨૨		■	૨૩				

આડી ચાવી

૧. ઘોડાર, ઘોડા બાંધવાની જગ્યા (૩)
૩. વાગ્યા કે વાઢીયા પર લગાવાતી દવા (૪)
૮. હેન્ડપંપ (૨)
૧૦. .....રે ડોલી ઉઠાવો કહાર.... (૨)
૧૧. વેલ (૨)
૧૨. કપડા, વસ્ત્ર (૨)
૧૩. કૃપા (૩)
૧૪. 'ચાટણ' શબ્દ આડોઅવળો (૩)
૧૬. જાત, સ્વયં (૨)
૧૮. ડાન્સ કે નાચ કરવો (૩)
૧૯. ગમવું (૩)
૨૨. નડવું, ... તર (૨)
૨૩. સુગંધ વગરના રંગબેરંગી ફૂલોની વેલ (૫)

ઊભી ચાવી

૧. ચોરી, ઉઠાંતરી (૪)
૨. લોજીંગ, હોટલ (૨)
૩. માથાકૂટ (૩)
૪. પસ, રસી (૨)
૫. સંતાપ (૪)
૭. ખચકાવું તે (૪)
૯. ખરાબ કરવું, નુકશાન કરવું (૪)
૧૩. છળકપટ (૩)
૧૫. ચારણામાં અનાજ ફેરવવું (૩)
૧૭. ગાલે ખાડા પડે તે (૩)
૨૦. .... ઉતર, ચડવું ઉતરવું (૨)
૨૧. કાંટો (૨)

શબ્દાવલી ૪૭૨૨ના જવાબ

આડી ચાવી :- (૧) મનસૂબો (૫) કાહઠી (૭) દમકદાર (૯) કારીગરી (૧૧) શતક (૧૩) બીક (૧૪) ડીડીટી (૧૬) રીંગણ (૧૮) રોપા (૧૯) કારગત (૨૧) શર (૨૨) ખોળ (૨૪) પરવાનો

ઊભી ચાવી :- (૧) મદહોશ (૨) નમ (૩) સૂકલકડી (૪) બોદા (૬) ઠીકરી (૮) રકાબી (૧૦) રીકરીંગ (૧૨) તડીપાર (૧૫) ટીકાખોર (૧૭) ગત (૧૮) રોશન (૨૦) રળવા (૨૩) નર

ઘરને વિદ્યાતીર્થ બનાવો

(પાના નં. ૪ નું ચાલુ)

બચપણથી જ માતાએ જે સંસ્કાર અને જ્ઞાન આપ્યું હતું જેને કારણે રાજા જનકના દરબારમાં જઈને પંડિતોને શાસ્ત્રાર્થમાં હરાવ્યા હતા.

અભિમન્યુ પણ ગર્ભસ્થ સ્થિતિમાં ચક્રવ્યૂહના સાત કોઠાનું યુધ્ધ શીખી ગયો હતો.

આમ ગર્ભાધાન વખતના શિશુ પર થતાં સંસ્કાર અતિ મહત્વના હોય છે... પરંતુ આજની માતાઓ આ બાબત પ્રત્યે સજાગ નથી. ટી.વી. અને સિનેમાના પડદા પર હિંસા, લૂંટ અને બળાત્કારનાં દૃશ્યો જુએ છે. પોતે કંપી ઊઠે છે... ત્યારે બાળકનું તો શું થતું હશે?

માતાએ ધારે તો સીતા માતાની જેમ લવ અને કુશ જેવા પરાક્રમી બાળકોને જન્મ આપી શકે. આ ભારતવર્ષની જ એક માતા હતી શંકુતલા જેને વનમાં ભરત નામના પુત્રને જન્મ આપ્યો... માતાના તેજસ્વી સંસ્કારનું જ પરિણામ હતું કે ભરત સિંહ સાથે રમતો અને એના દાંત ગણતો.

પરંતુ આધુનિકતાના વમળમાં અટવાતી આજની માતાઓ રાષ્ટ્રના ગૌરવવંતા ઈતિહારને ન જાણતી હોવાથ બાળકને એક વિરાટ-મહાન વારસાથી દૂર રાખવાની ભયંર ભૂલ કરે છે. અને એ આવા ભવ્ય ઈતિહાસને જાણે પણ શી રીતે? રામાયણ - મહાભારતના અદ્દભુત ખજાનાની પ્રાપ્તિનો એના મનમાં સળવળાટ છે? સંસ્કારક્ષમ વાતો અને પ્રસંગો શું એ સાંભળે છે? સંસ્કૃત જેવી દિવ્ય ભાષાનો એકાદો શ્લોક પણ શું એને કંઠસ્થ છે?

કેવી રીતે બનશે આ બાળક મહાન? કેવી રીતે બનશે આ ઘર એક તીર્થ? કેવી રીતે પાકશે રત્નો આ પરિવારની ખાણમાં?

કોઈ ચમત્કાર નહીં થાય. એકમાત્ર રસ્તો છે પુરૂષાર્થનો. એક માત્ર દિશા છે સંસ્કારની. એક માત્ર ઉપાય છે. આ પ્રક્રિયાને સમજવાનો.

માતાઓ આ વાત સમજે. બાળકને જન્મ આપી દેવો એટલું પૂરતું નથી. એને સાચા અર્થમાં માનવ બનાવવાની જવાબદારી પણ એની જ છે. બાળકને યોગ્ય સંસ્કારક્ષમ વાતાવરણ પરિવારે પૂરું પાડવાનું છે... અને જો આમ થશે તો આપણા પ્રિય ભારતવર્ષમાં કંસ નહીં, કૃષ્ણ જન્મશે; રાવણ નહીં, રામ પાકશે; જયચંદ નહીં, પૃથ્વીરાજ પાકશે; જયસિંહ નહીં, શિવા અવતરશે.

આપણે જ બધાએ મળી આ રાષ્ટ્રને ઉન્નત બનાવવાનું છે... અને એ માટે આપણું ઘર આપણે આવું વિદ્યાતીર્થ બનાવીએ અને શ્રેષ્ઠ માનવોનું સર્જન કરીએ... તો એ હશે રાષ્ટ્રની સાચી સેવા.